## 1. સંગમ સાહિત્ય વિશે તમારા વિચારો સ્પષ્ટ કરો.

- 'સંગમ સાહિત્ય' એ દક્ષિણ ભારતનો ઇતિહાસ જાણવાનું એક આધારભૂત અને વિશ્વસનીય સાધન છે. આ સાહિત્યનો સંબંધ દક્ષિણ ભારતનાં તમિલ કે દ્રવિડ રાજ્યો, ખાસ કરીને ચોલ, પાંડ્ય અને ચેર રાજ્યો સાથે છે. તમિલ લખાણનો સૌપ્રથમ નમૂનો તામિલબ્રાહી શિલાલેખોમાંથી મળી આવે છે.
- આ લખાણોમાં સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાંથી રૂપાંતર પામેલા તમિલ શબ્દો વધુ જોવા મળે છે. આ શિલાલેખોનો સમય આશરે ઈ. સ. પૂર્વે 200થી ઈ. સ. 300 સુધીનો ગણવામાં આવે છે. 'સંગમ' શબ્દ સંસ્કૃત શબ્દ 'સંઘ' પરથી ઊતરી આવ્યો છે. સંગમ સાહિત્યના વિકાસનો સંબંધ પાંચ અને મદરા રાજ્યો સાથે છે. પાંડવ રાજ્યમાં ઈ. સ. પૂર્વે ચોથી સદીથી ઈ. સ.ની છઠ્ઠી સદી સુધી (આશરે 1000 વર્ષ) વિદ્વાનોના સંઘની રચના થઈ હતી, જે 'સંગમ વિદ્યાપીઠ' તરીકે પ્રસિદ્ધિ પામી હતી.
- વિદ્વાનોનો આ સંઘ દક્ષિણ ભારતના ઇતિહાસમાં સંગમ તરીકે ઓળખાય છે. સંઘની બેઠકો પાંચ રાજયના પાટનગર મદુરાઈમાં મળતી. આ બેઠકોમાં વિદ્વાનોએ રચેલું સાહિત્ય રજુ થતું અને એના પર ચર્ચાવિચારણા કરી, તેનું મૂલ્યાંકન કરી તેના સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય લેવામાં આવતો. આમ, વિદ્વાનોના સંઘમાં સ્વીકૃતિ પામેલું સાહિત્ય સંગમ સાહિત્ય' કહેવાતું,
- આ સાહિત્યમાં તમિલ વીર કાવ્યોનો પણ સમાવેશ થતો હતો. દંતકથા પ્રમાણે સંગમ સાહિત્યનો સમય દશ હજાર વર્ષનો ગણાય છે, આ સોગાળા દરમિયાન સંઘની કુલ ત્રણ બેઠકો યોજાઈ હોવાનું માનવામાં આવે છે. સંગમની પ્રથમ બેઠક મદુરાઈમાં મળી હતી. જો કે તે સંગમની કોઈ કૃતિ મળી આવતી નથી. દ્વિતીય સંગમની 3700 કૃતિઓમાંની એકમાત્ર કૃતિ ''તોલકાપ્પિયમ'' મળે છે. આ કૃતિ તમિલ વ્યાકરણ અંગેની છે. આ ઉપરાંત તેમાંથી તે સમયના લોકજીવનની માહિતી મળે છે. તૃતીય સંગમની કૃતિઓ નોંધપાત્ર છે. તેમાં 'પત્થપ્પાટુ' કાવ્ય કૃતિમાં દસ કાવ્યો છે, જે પ્રકૃતિવર્ણનના ઉત્તમ કાવ્યો ગણાય છે. તેમાં ચેર વેશના સેંગવન તથા કરિ કાલ રાજાઓના વર્ણનો છે.
- 'તુથો કઈ' નામની કૃતિમાંના આઠ કાવ્યસંગ્રહોમાં માનવજીવનની ભિન્ન ભિન્ન લાગણીઓ વ્યક્ત થઈ છે. પદીને કીલકાનકું નામની કૃતિમાં અઢાર કાવ્યોનો સંગ્રહ છે. આ કાવ્યોમાં તિરુવલ્લુરનો 'કુરલ' નામનો કાવ્યસંગ્રહ નોંધપાત્ર છે. તેમાં ગૃહસ્થ જીવન, સદાચાર, સદ્ગુણ,સંપત્તિ, નાગરિકની ફરજો વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવેલો છે. વિદ્વાનો 'કુરલ'ને નાનો વેદ ગણે છે. 'કુરલ'નો જુદી જુદી અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે. 'શીખદી કારમ' અને મણિમેખલા સંગમયુગની બીજી નોંધપાત્ર કૃતિઓ છે.
- આ કૃતિઓ દક્ષિણ ભારતના 'રામાયણ' અને 'મહાભારત' તરીકે, પણ પ્રસિદ્ધ છે. શીલપ્પદીકારમાં નાયક કોવલન અને નાધિ કાકનકિની પ્રણય કથા છે, દક્ષિણ ભારતના લો કજીવનમાં એક આદર્શ પરની તરીકે કન્નદિન સ્થાન આજે પણ જળવાઈ રહ્યું છે .

## 2. સંગમ સાહિત્યમાં જોવા મળતા સમાજ વિશે ચર્ચા કરો.

- સંગમ સાહિત્યમાં દક્ષિણ ભારતના (ઈ. સ. પૂર્વે 300થી ઈ. સ. 300) ઇતિહાસનો કાવ્યમય સંગ્રહ છે. સંગમ સાહિત્યમાંથી તકાલિન દક્ષિણ ભારતના સમાજની માહિતી મળે છે. તમિલ પ્રદેશ તિરુપતિની ટેકરીઓથી કન્યાકુમારી સુધી ફેલાયેલો હતો. અહી કબીલાઈ પ્રકારનો સમાજ હતો. તેમાં આગેવાનનું પદ વંશ પરંપરાગત

હતું. સંગમયુગ દરમિયાન મુખ્ય કબીલાઈ સરદારોમાં ચોલ, ચેર અને પાંચનો સમાવેશ થાય છે. ચોલની રાજધાની ઉરેયર, ચેરની રાજધાની 'ખંજી' અને પાંડવની રાજધાની 'મદુરાઈ' હતી. આ ત્રણેય રાજ્યો વચ્ચે અનેક યુદ્ધો થયાં હતાં. આ યુદ્ધો અને તેમના રાજાઓની વીરતાની કવિતાઓ સંગમ સાહિત્યમાં મોટા પ્રમાણમાં છે.

- સંગમ સાહિત્ય અનુસાર તમિલ પ્રદેશ પાંચ ટિનોઈ (આર્થિક વિસ્તારોમાં વહેંચાયેલો હતો : (1) કુરિનજી (પહાડી પ્રદેશ) (2) મલાઈ (પાણી વગરનો પ્રદેશ), (3) મલઈ (ઘાસચારાવાળો પ્રદેશ), (4) મસદમ (ભેજવાળો પ્રદેશ) અને (5) નીતલ (સમુદ્રકિનારાનો પ્રદેશ).
- નાગરિકો શિકાર અને કૃષિના વ્યવસાય સાથે જોડાયેલા હતા.વિસ્તાર પ્રમાણે મુદ્રણની પદ્ધતિઓ જુદી જુદી હતી. મસદમ વિસ્તારના નાગરિકો કષિ કરતા અને 'નીલ' વિસ્તારના નાગરિકો માછીમારી અને મીઠું પકવવાનો વ્યવસાય કરતા. સમાજમાં ઉત્તર ભારત જેવી સ્પષ્ટ વર્ણવ્યવસ્થા ન હતી.
- લોકો પોતાના વ્યવસાયના આધારે ઓળખાતા હતાં. સમાજની ધનિક વ્યક્તિઓ ઈંટોના બનેલા પાકા મકાનોમાં રહેતી હતી. સમાજમાં યોદ્ધાઓનું સ્થાન સૌથી ઊંચું હતું. યુદ્ધમાં શહીદ થનાર યોજામોના પાળિયા' સ્થાપિત કરવામાં આવતા હતા. જેને તમિલ ભાષામાં 'નચુકલ' કે 'વિશકલ' કહેતા.
- આ પાળિયાઓની પૂજા કરવામાં આવતી હતી. સંગમ કાલીન મહિલાઓ શિક્ષિત હતી. સંગમ સાહિત્ય માં એનેક મહિલાઓએ કવિતાઓની રચના કરી છે. કેટલીક મહિલાઓ ખેતી પશુપાલન અને અન્ય કામગીરીમાં જોડાયેલી હતી. સગમકાલીન સમયમાં સતીપ્રથા અસ્તિત્વ ધરાવતી હતી. તમિલમાં સતી પ્રથાને 'નિપાયદહા' કહેતા, વિધવા મહિલામોની સ્થિતિ દયાજનક હતી.

### 3. મોર્ય સામ્રાજ્યના પતન બાદની રાજકીય પરિસ્થિતિનું ચિત્રણ કરો.

- સમ્રાટ અશોકના અવસાન બાદ તરત જ મોર્ય સામ્રાજ્યનો પતનનો પ્રારંભે થયો, તેના અનુગામી ઓ વિશાળ સામ્રાજ્યનો વહીવટ કરી શક્યો નહિ. એક કે પછી એક પ્રાંતો સ્વતંત્ર થવા લાગ્યા. ભારતની ઉત્તરવાયવ્ય સરહદે બેટ્યિા અને પાર્થિયાનાં આક્રમણોએ આ પતનને ઝડપી બનાવ્યું અને પુષ્પમિત્ર શૃંગે પતનની આ ક્રિયાને સંપૂર્ણ બનાવી. મોર્ય સામ્રાજ્યના પ્રાંતિક સુબાઓ અને લશકરના સેનાપતિઓ વધુ શક્તિશાળી તથા પ્રભાવશાળી બન્યા હતા. પુષ્યમિત્રે મુંગ મૌર્યયુગના અંતિમ રાજા ભૃહદ્રથનો સેનાપતિ હતો.
- મૌર્યયુગ દરમિયાન બૌદ્ધ ધર્મને અપાયેલા વધારે મહત્ત્વથી આ બ્રાહ્મણ સેનાપતિ નારાજ હતો. પંડિત હરિપ્રસાદ શાસ્ત્રીના મંતવ્ય પ્રમાણે, યજ્ઞમાં થતી પશુહિંસાના વિરોધમાં અશોકે કરેલાં વિધાનો તથા ધર્મમહામાત્રોની નિયુક્તિથી બ્રાહ્મણ વર્ગ મૌર્ય સામ્રાજ્ય પ્રત્યે ઉશ્કેરાયો હતો.
- આથી પુષ્યમિત્રે અસંતોષી વ્યક્તિઓનો સહકાર મેળવી પોતાનું મહત્ત્વ વધાર્યું. તેણે લશકર અને વહીવટ પર પોતાની પકડ જમાવી. આ પછી તેણે રાજા બૃહદ્રથને લશ્કરી પરેડ જોવાના બહાને બોલાવી, લશ્કરની હાજરીમાં જ તેનો વધ કર્યો અને પાટલિપુત્રમાં પોતાને 'રાજા' તરીકે જાહેર કરી મગધમાં શૃંગવંશ સ્થાપ્યો.
- શુંગવંશ : પુષ્યમિત્ર શુંગ શૃંગવંશની સ્થાપના કરી જ્યારે મગધની ગાદીએ આવ્યો ત્યારે મગધ રાજ્યની સીમાઓ મધ્ય ભારત પૂરતી મર્યાદિત રહી હતી. વાયવ્ય સરહદે બેક્ટ્રિયાના ગ્રીકોની સત્તા ફેલાઈ હતી. કલિંગ સ્વતંત્ર થયું હતું . નર્મદાની દક્ષિણે સાતવાહનોએ તેમની સત્તા વિસ્તારી હતી. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કરમીર પણ સ્વતંત્ર થઈ ગયાં હતાં. પુષ્યમિત્ર શૃંગે આવી કઠિન પરિસ્થિતિમાં મગધના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેના યુવરાજ

અગ્નિમિત્રે વરાડ (વિદર્ભ) કબજે કરીને નર્મદાની દક્ષિણે કેટલાક પ્રદેશ મેળવ્યો હતો. પુષ્યમિત્ર શૃંગના વિજયો અને રાજકીય કારકિર્દી : પુષ્યમિત્ર અંગે કુલ 32 વર્ષ સુધી રાજ્ય કર્યું. તેણે પોતાના શાસન દરમિયાન નીચેનાં ત્રણ મોટાં યુદ્ધો કર્યાં હતાં :

- (1) વિદર્ભના રાજા પશસેન સાથે યુદ્ધ, (2) ગ્રીક રાજા મિનેન્ડર સાથે યુદ્ધ અને (3) કલિગના રાજા ખારવેલ સાથે યુદ્ધ.
- પુષ્યમિત્ર શુંગની વહીવટી અને સાંસ્કૃતિક સિદ્ધિઓ : પુષ્યમિત્ર શૃંગ ખૂબ સારો વહીવટકર્તા હતો. તેણે વહીવટી કાર્યમાં મદદરૂપ થવા એક સભા અને મંત્રીપારિષદ રચના કરી હતી. તે રાજ્યના આંતરિક વહીવટમાં તથા વિદેશો સાથેના વ્યવહાર મંત્રીપરિષદની સલામી લેતો. પુષ્યમિત્ર શૃંગ બ્રાહ્મણધમી રોવાથી તેના શાસન કાળમાં બ્રાહ્મણ પુનરુત્થાન થયું અને બ્રાહ્મણ સાહિત્યને પ્રોત્સાહન મળ્યું. તેના સમય દરમિયાન મુનિ પતંજલિએ 'મહાભાષ્ય' રચ્યું. તેના શાસનકાળમાં મનુસ્મૃતિનું પણ પુનઃ સંકલન થયું. તેની રાજધાની વિદિશા સાહિત્ય અને કલાની પ્રવૃત્તિઓથી ધમધમવા લાગી હતી. પુષ્યમિત્રે અનેક કલાત્મક બૌદ્ધ સ્તૂપો અને હિન્દુ મંદિરો બંધાવીને શિલ્પ અને સ્થાપત્યકલાને પ્રોત્સાહન આપ્યું.

4. ભારતનાં વિશ્વનાં અન્ય રાષ્ટ્રો સાથેના સંબંધોનો ખ્યાલ આપો.

- મૌર્ય સામ્રાજ્યના પતન બાદ મધ્ય એશિયા અને ચીનના પશ્ચિમ ભાગમાંથી આક્રમણો થયાં. તેમાં ભારતીય ગ્રીક, શક, પહલવ અને કુષાણ મુખ્ય હતા. પુષ્યમિત્ર શુંગના સમયમાં ઈન્ડોગ્રીકે (ભારતીય ગ્રીકો 'યવનો ઉત્તરપશ્ચિમ ભારત તરફ પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવાનું શરૂ કર્યું. સિકંદરના મૃત્યુ બાદ ગ્રીક લોકો 'બેક્ટ્રિયા' (હિન્દુકુશ પર્વતની ઉત્તરપશ્ચિમે આવેલો પ્રદેશ) પર શાસન કરવા લાગ્યા હતા, તેઓ 'બેક્ટ્રિયન ગ્રીક' કહેવાય છે.
- મધ્ય એશિયાના રાક (સીથિયન) લોકો સીધિયા(ઈસ્તાન)થી ઈ. સ. પૂર્વેની પહેલી સદીમાં તક્ષશિલાના આજુબાજુના પ્રદેશોમાં વસવા લાગ્યા હતા. પાર્થીયાથી આવેલા લોકો 'પાર્થિયન' કે 'પલવો' તરીકે ઓળખાય છે. તેઓ સીથિયાની બાજુમાં વસતા હતા. તેમની સંસ્કૃતિ શક સંસ્કૃતિને મળતી આવે છે. તેથી તેઓ 'શકપલવ' તરીકે પણ ઓળખાય છે. કુષાણ માંગોલિયાનો રહેવાસી હતા. તે યુવેચી વંશનો હતો. તેણે શક અને પલવોને પરાજય આપીને વિશાળ સામ્રાજ્ય સ્થાપ્યું હતું. કુશાણોના શાસન દરમિયાન ભારત અને મધ્ય એશિયા વચ્ચે રાજકીય અને સાંસ્કૃતિક સંપર્કો ગાઢ બન્યા હતા.

5. ગાંધાર ક્લારશૈલી વિશે સમજાવો.

- નિકના સમયમાં બૌદ્ધ ધર્મનો ખૂબ મોય પ્રમાણમાં પ્રચાર અને પ્રસાર થયો. ઈ. સ. ની પહેલી સદીમાં બૌદ્ધ ધર્મના 'હીનયાન' અને મહાયાન' એમ બે ભાગ પડવા. મહાયાન સંપ્રદાયે બુદ્ધને ઈશ્વરનું સ્વરૂપ આપી તેમની મૂર્તિપૂજા અને અર્ચના શરૂ કરી. આથી બુદ્ધની મૂર્તિઓનું મોટા પ્રમાણમાં સર્જન થવા લાગ્યું. અહીની મૂર્તિઓના સર્જનમાંથી મૂર્તિકલાની વિવિધ શૈલીનો જન્મ ભારતીય મૂર્તિકલાની ત્રણ મુખ્ય રોલીઓ વિકાસ પામી.
- (1) મથુરા કલાશૈલી, (2) ગીધાર કલાશૈલી અને (3) અમરાવતી કલાશૈલી. ગાંધાર કલાશૈલી : ગાંધારે લાગેલીની સમજુતી નીચે પ્રમાણે છે : ભારતના ઉત્તરપશ્ચિમ ભાગમાં આવેલા ગાંધારમાં મૌર્ષ, શીક, શંગ અને કુષાણ શાસનતંત્રની અને સંસ્કૃતિની અસર થઈ હતી. આ પ્રદેશમાં ગ્રીક, રોમન, ઈન્ડોઝીક, બૌદ્ધ વગેરે ભારત

અને યુરોપ મિશ્રિત કલારોલીનો જન્મ થયો હતો. ગાંધાર કલારોલી પર ચીક, રોમન અને ભારતીય પ્રભાવ વિશેષ હતો. ગાંધાર કલારોલીનું વિષયવસ્તુ બૌદ્ધ ધર્મ હતું. પરંતુ તેની કલાશૈલી ગ્રીક અને ભારતીય કલાનું મિશ્ર હતું .

- ગ્રીક, શક અને કુપાણો ગાંધાર ક્લારોલીના રક્ષક હતાં. ગાંધાર કલાશૈલીમાં બુદ્ધ અને બોધીસત્વની મૂર્તિનોનું નિર્માણ થયું હતું. આ કલાશૈલીમાં ભૂરા અને વાદળી રંગના પથ્થરોનો ઉપયોગ થયો છે ગાંધાર કલાકોલીની મુખ્ય ખાસિયત એ છે કે બુદ્ધની મૂર્તિઓમાં ભાવની જગ્યાએ શરીરનું ચિત્રણ થયું છે. તેમાં ગૌતમ બુદ્ધને વાંકડિયા વાળ સાથેના માંસલ દેહ ધરાવતા દર્શાવવામાં આવ્યા છે. કારણ કે ગ્રીકો મૂર્તિલામાં ભાવને સ્થાને દેહનું ચિત્રણ ખાસ કરતા હતા.

## 6. મૌર્ય સામ્રાજ્ય પછીના ભારતીય સાહિત્યની સમજૂતી આપો.

- મોર્યયુગ અને ગુપ્તપુર વચ્ચેના 300 વર્ષના સમયગાળા દરમિયાન સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું સ્વરૂપ બદલાતું રહ્યું છે. સંસ્કૃત ભાષાને ઉપનિષદ, બ્રાહ્મગ્રંથો અને માભારતમાં સાહિત્યિક સ્વરૂપ પ્રાપ્ત કર્યું હતું. મહર્ષિ પતંજલિના સમયમાં શિષ્ટ સંક્ત ભાષા બોલાતી હતી. સામાન્ય લોકો પ્રાકૃત ભાષા બોલતા હતા. દક્ષિણ ભારતમાં તમિલ ભાષા બોલાતી હતી.
- આ સમયમાં પાંડવો અને કૌરવો વચ્ચેના યુદ્ધ વિશેના મૂળ ગ્રંથ 'જયસંહિતા'નો 'ભારત' નામના મહાકાવ્યમાં વિસ્તાર થયો અને ગુપ્તયુગની શરૂઆતમાં મુકાભારત' ગ્રંથમાં પરિવર્તન પામ્યો . ઈ. સ.ની આરંભની સદીમાં કૃષ્ણ અને ભગવત ગીતા'નો મહિમા થયો. શુદ્ધ સંસ્કૃત ભાષામાં રામાય ની રચના થઈ. એ સમયથી રામના દૈવી સ્વરૂપનું જ્ઞાન અને મહિમા શરૂ થયા.
- આ સમયમાં ધાર્મિક, સામાજિક, રાજકીય નિયમો કાયદાઓ રિવાજો વગેરે પર સ્મૃતિ સાહિત્યનું સર્જન થયું. સ્મૃતિગ્રંથોમાં 'મનુસ્મૃતિ', 'વિષ્ણુસ્મૃતિ', 'નારદસ્મૃતિ' અને 'યાજ્ઞવલ્કય સ્મૃતિની રચના થઈ. આ સમયમાં મહાકાવ્યો અને રૂપકનું સર્જન થયું. અશ્વઘોષે 'શારીપુત્ર પ્રકરણ', 'બુદ્ધચરિતમ', અને 'સૌદરનંદન' ગ્રંથોની રચના કરી. કવિ ભાસે 'સ્વપ્નવાસવદત્તમ', 'ચોરદત્ત' અને 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ'ની રચના કરી. આર્યસૂર દ્વારા 'જાતકમાલા'ની રચના થઈ.
- પાણિનિના 'અષ્ટાધ્યાયી' પર પતંજલિએ મહાભાષ્ય જેવું મહાન કાર્ય કર્યું. ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'ની રચના કરી. 'ચરકસંહિતા અને 'સુશ્રુતસંહિતા' જેવા આયુર્વેદ સાથે સંકળાયેલ મહાને ગ્રંથોની રચના થઈ. 'ત્રિપિટક' ગ્રંથો પરથી પાલિ ભાષામાં અષ્ટકથાઓની રચના થઈ. પાલિ ભાષામાં લખાયેલ 'મિલિન્દપાવો' મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.

## 7. રુદ્રદામનનું મહાન રાજા તરીકે મૂલ્યાંકન કરો.

- ક્ષહરાત ક્ષત્રપોના અંત પછી પશ્ચિમ ભારતમાં કાર્દમક વંશના ક્ષત્રપોએ સત્તા સ્થાપી, આ વંશનો સ્થાપક ચેપ્ટન હતો. ચટન પછી તેનો પૌત્ર રુદ્રદામન ઈ, સ.1930-31માં મહાક્ષત્રપ બન્યો. તેનો ગિરનારનો શિલાલેખ તથા તેણે પડાવેલા સિક્કાઓ પરથી તેના વિજયો, વહીવટ, સિદ્ધિઓ તથા તેનાં લોકહિતના કાર્યો વિશેની માહિતી મળે છે.

- ગિરનારના શિલાલેખના વર્ણન મુજબ રુદ્રદામનું એક મહાન વિજેતા હતો. તેના સામ્રાજ્યમાં કોંકણ, નર્મદાનો તટવર્તી પ્રદેશ, (સાબરમતીનો તટવર્ત પ્રદેશ), ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, સિંધ તથા પશ્ચિમ માળવા અને અરવલ્લીની ગિરિમાળાઓના પ્રદેશોનો સમાવેશ થતો હતો. આમ, રુદ્રદામનનો સામ્રાજ્ય વિસ્તાર ઉત્તરે સિંધથી દક્ષિણે નર્મદા સુધી તથા પૂર્વમાં માળવાથી પશ્ચિમે સૌરાષ્ટ્ર સુધીનો હતો.
- તેણે આંધ્રના સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણ કે તેના પુત્ર પુલુમાવીને હરાવી તેના રાજ્યના ઉત્તરનો ભાગ કબજે કર્યો હતો. પાછળથી તેણે પુલુમાવીને પોતાની પુત્રી પરણાવી સાતવાહન રાજ્યનો મૂળ પ્રદેશ તેને પાછો આપ્યો હતો. રૂદ્રદામન એક મહાન વિજેતા ઉપરાંત સારો વહીવટકર્તા પણ હતો.
- તેણે પોતાના વિશાળ સામ્રાજ્યના યોગ્ય વિભાગો પાડી તે પર બે પ્રકારના અધિકારીઓ નીમ્યા હતા :

  (1) મતિસચિવ : શાસનની નીતિ ઘડનારા અને

  (2) કર્મસચિવ : શાસનની નીતિઓનો અમલ કરનારો. રુદ્રદામનના ગિરનારના શિલાલેખ પરથી તેની પ્રજાકલ્યાણની પ્રવૃત્તિઓનો પરિચય મળે છે. મોર્ય શાસનકાળ દરમિયાન ચંદ્રગુપ્તના આદેશથી તેના સૂબા પુષ્પગુપ્ત ગિરનાર પાસે સુદર્શન તળાવ બંધાવ્યું હતું . રુદ્રદામનના સમયમાં સુવર્ણશિક્તા અને પલાશિની નદીઓમાં અતિવર્ષા ને કારણે પૂર આવતાં સુદર્શન તળાવનો બંધ તુટી ગયો. તેનાથી રૂદ્રામનની આજ્ઞાથી તેના સૌરાષ્ટ્રના સુબા સવિશાખે તુટી ગયેલા એ બંધ નું સમાર કામ કરાવી પહેલાં કરતાં પણ વધુ સુંદર તળાવ ફરી બંધાવ્યું. આ પછી તેમાંથી નહેરો દ્વારા ખેડૂતોને પાણી પૂરું પાડવાની યોજના કરી હતી.
- આથી ખેડૂતોને ઘણી રાહત થઈ હતી. શિલાલેખમાં જણાવ્યા મુજબ રુદ્રદામને સુદર્શન તળાવનું સમારકામ પ્રજા પર વધારાનો કર નાખ્યા વિના કે પ્રજા પાસે વેઠ કરાવ્યા વિના રાજ કોષમાંથી પુષ્કળ દ્રવ્ય ખર્ચને કરાવ્યું હતું. રુદ્રદામન સંરકૃતનો વિદ્વાન હતો. વ્યાકરણ , તર્કશાસ્ત્ર અને સંગીત જેવી વિધા કલાઓનું તેને સારું જ્ઞાન હતું. ગિરનાર પરનો તેનો શિલાલેખ શુદ્ધ સંસ્કૃતમાં અને ઉચ્ચ પ્રકારના પધમાં લખાયેલો છે. તેના સિક્કાઓ પરની ભાષા સંસ્કૃત અને પ્રાપ્ત મિશ્રિત છે. ગિરનાર પરના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે રુદ્રદામને અનેક સ્વયંવરોમાં હાજરી આપી રાજ કન્યાઓ સાથે લગ્ન કર્યા હતાં. પોતાના કાદેમ કુળની કન્યાઓને લિચ્છવીઓ તથા સાતવાહનો સાથે પરણાવીને તેણે પોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી. તેનાથી વિદેશી અને ભારતીય સંસ્કૃતિનો સુંદર સમન્વય સધાયો હતો.